Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

અ
ષા
ઢ



અ
ષા
ઢ

## શ્રી મહાવીર સ્વામીનું સ્તવન

(રાગ-જાવો જાવો મેરે સાધુ)

આવો આવો હો વીરસ્વામી મારા અંતરમાં, ક્રોધ માયા મમતાનો,
અમ અંતરમાં વાસ, જબ તુમ આવો ત્રિશલાનંદન પ્રકટે જ્ઞાન પ્રકાશ. આવો.—૧

આત્મચંદનપર કર્મ-સર્પનું નાથ અતિશય જોર
તે કૃત્યોને દૂર કરવાને, આપ પધારો મોર. આવો—૨

માયા આ સંસારતણી બહુ, વરતાવે છે કેર,
'શ્યામ' જીવનમાં આપ પધારો, થાયે લીલાલ્હેર. આવો.—૩

રચયીતા **સ્વ. માસ્તર શામજી હેમચંદ દેશાઇ**

અંક ૯ સંવત ૨૦૩૪ તા. ૭ મી ઓગષ્ટ ૧૯૭૮ પુસ્તક ૯૪

: પ્રગટ :

: શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : વર્ષ ૯૭ મું : વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત ૬-૫૦

## —: अनुक्रमणिक :—



| ક્રમ | લેખ | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧ | શારદા લહિમ | સ્વ. ચતુર્ભુજ હરજીવન | ૩ |
| ૨ | જૈન દર્શન શું છે? | રતીલાલ માણેકચંદ શાહ | ૪ |
| ૩ | મૈત્રી અને કરૂણા | શ્રી હરીશભાઇ રતીલાલ વોરા | ૬ |
| ૪ | સ્યાદવાદ સાચો માર્ગ | રતિલાલ માણેકચંદ શાહ | ૧૩ |
| ૫ | કપુંર સૌરભ | અમરચંદ માવજી શાહ | ૧૬ |





## જૈન ભાઇઓને ખુશ ખબર

જૈન ભાઇઓને જણાવવાનું કે આપની પાસે જુના ધાર્મીક પુસ્તકો પડયા હોય અને આપને બીન ઉપયોગી હોય તો આશાત ના થી બચવા. સભાને આપી જવા વિનંતિ છે. જેમા ઘણી વખત સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબને ન મળતા ઉપયોગી પુસ્તકો મળી આવતા હોય તેથી આ આપ સર્વેને જાણ કરવામાં આવે છે. આપના પુસ્તકોનો સદ ઉપયોગ કરવામાં આવશે.

લી૦

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૯૪મું | અંક ૭ | અષાડ | વીર સં. ૨૫૦૧ | વિક્રમ સં. ૨૦૩૪

## ==શારદા લક્ષ્મિ==

(ભારત ભૂમિના વીર બાલકનું હૃદય ધબક જોરે-એ રાગ)

સરસ્વતી તો ચેતના છે લક્ષ્મિ છે. દેહ નારી,
બંને અનાદીના છે. સાથે લઘુ ગુરૂ નહીં ભારી....સરસ્વતી એ ટેક૦

અવાધિ જ્ઞાને સસ્વતી લક્ષ્મિ વૈક્રિય દેવગાંત,
નારકમાં પણ તેમજ છે, અવધિ વિનીંગ મતિ....સરસ્વતી—૧

મતિશ્રુત મનુષ્ય તિર્યંચે ઔદારીક લક્ષ્મિ સારી,
ક્ષપક શ્રેણીએ સરસ્વતી માન વસાન પાચે બારી....સરસ્વતી—૨

વિકેલેન્દ્રિસ્થાવર પાંચે માસ મુર્છીમ લક્ષ્મિ પ્યારી,
સરસ્વતી સંશાએ શોભે કળા ચતુર બંને ધારી....સરસ્નતી—૩

રચયીતા : સ્વ. ચતુર્ભુજ હરજીવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ४] જૈન દર્શન શું છે?

લેખક : રતિલાલ માણેકચંદ શાહ

જૈન દર્શન આત્માને એકાંતે નિત્ય માનતો નથી તેમજ એકાંતે અનિત્ય પણ માનતો નથી, તે દ્રવ્ય તરીકે આત્માને નિત્ય માને છે અને પર્યાય દ્રષ્ટિએ અનિત્ય માને છે. એટલે કે જૈન દર્શન આત્માને નિત્યાનિત્ય માને છે. જૈન દર્શનની દ્રષ્ટિએ નિત્ય તેને કહેવાય કે જે વસ્તુ પોતાના મૂળ સ્વરૂપને છોડયા સિવાય જુદી જુદી અવસ્થાઓને પ્રાપ્ત કરે. આત્મા આત્મા રૂપે કાયમ ટકીને, દેવત્વ, મનુષ્યત્વ, પશુત્વ, નારકત્વ, આદિ અવસ્થાઓને પ્રાપ્ત કરે છે છતાં આત્મા પોતાના મૂળસ્વરૂપથી ભ્રષ્ટ થતો નથી સ્વ અસ્તિત્વ સંપૂર્ણપણે બરાબર જાળવી રાખે છે. આ આત્માને અનંતકાળથી અનેક શરીરોનો સંયોગ થયો અને વિયોગ પણ થયો ભિન્ન ભિન્ન યોનિઓમાં, જાતિઓમાં, કુળોમાં, અનંતિવાર આવન-જાવન કરી છતાં આત્મા તો તેનો તેજ રહ્યો છે. આત્મા અજર અમર–અવિનાશી છે તેનો નાશ થતો જ નથી. તેની પર્યાયો પલટાય છે.

આત્મા ચૈતન્ય મૂર્તિ છે, ત્યારે દેહ જડ છે બન્નેના ધર્મો અલગ અલગ છે. આત્મા સુખ આનંદ અને જ્ઞાન મય છે ત્યારે દેહ જડ છે એટલે કે તે અચેતન છે. આ વાતો અનાદિકાળથી અનંતા દેહો આ આત્માએ ધારણ કર્યા અને છોડયા એકે શરીર તેનું થયું નહિ. છે નહિ અને થશે પણ નહિ. કારણ કે તેતો સંયોગે મળેલ છે પરંતુ અનાદિ કાળથી આપણો આત્મા દેહ વગર રહ્યો નથી. એટલે દેહાધ્યાસ હોવાને કારણે તેની દ્રષ્ટિ અહોનિશ દેહ પર રહેવાને કારણે તે પોતાને ભૂલીને દેહને જ 'હું' માનવા લાગી ગયો છે જેથી શરીર પરના રાગના કારણે તેની આળપંપાળ કર્યા કરીએ છીએ અને રાગ-દ્વેષ કરી અનંતા કર્મોનો આવિષ્કાર કરીએ છીએ. એટલે આપણું આ દુઃખપ્રદ એવા સંસારમાં આવન-જાવન ચાલુ રહે છે.

જૈન દર્શન સત વસ્તુ તેને માને છે કે જે વસ્તુ પ્રતિ સમય ઉત્પન્ન થાય, નાશ પામે અને સ્થિર રહે. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યયુક્ત સત! સતનું આ સૂત્ર છે, જે વસ્તુપ્રતિ સમય ઉત્પન્ન થતી નથી, નાશ પામતી નથી અને સ્થિર રહેતી નથી તે વસ્તુ અસત કહેવાય દ્રવ્ય દ્રષ્ટિએ વસ્તુ સ્થિર છે જ્યારે પર્યાય દ્રષ્ટિએ એ વસ્તુ ઉત્પાદ અને નાશ વાળી છે.

જૈન દર્શનમાં એમ કહેવામાં આવ્યું છે કે :- નાસતો જાય તે ભાવો, ના ભાવો. જાયતે સતઃ!

કોઇ તદ્દન અસત્ વસ્તુ ઉત્પન્ન થતી નથી અને સતનો કદાપી નાશ થતો નથી (અભાવ થતો નથી.) સર્વથા કોઇ વસ્તુનો નાશ કે પ્રલય થતો નથી. માટે વસ્તુમાં રહેલા અનંત પર્યાયો (અવસ્થાઓ) તેમાંથી અમુક પર્યાયોનો નાશ થાય છતાં વસ્તુના બીજા અનંતા પર્યાયો તો કાયમજ રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન દર્શન આઠ કર્મમાં માને છે, તે આ પ્રમાણે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય નામ, ગોત્ર અને અંતરાય આ આઠ કર્મોથી સંસારી જીવો અનાદિ કાળથી બંધાયેલા છે; આ કર્મોથી આત્મા સર્વથા મુક્ત બને ત્યારે જ તે પૂર્ણતાને પામે છે

જૈન દર્શન કર્મ બંધાવાના ચાર કારણોમાં માને છે તે આ પ્રમાણે છે :- (૧) મિથ્યાત્વ, (૨) અવિરતિ, (૩) કષાય, (૪) યોગ મિથ્યાત્વ એટલે સત્યને અસત્ય માનવુ અને અસત્યનેસત્ય માનવું તે અવિરતિ એટલે હિંસાદિ પાપોનો પ્રતિજ્ઞા પૂર્વક ત્યાગ ન કરવો તે, કષાય એટલે ક્રોધ, માન માયા, લોભ યોગ એટલે મન-વચન અને કાયાની પ્રવૃત્તિઓ, જૈન દર્શન નવતત્ત્વોને માને છે :- (૧) જીવ, (૨) અજીવ, (૩) પુણ્ય, (૪) પાપ, (૫) આશ્રવ, (૬) સંવર, (૭) નિર્જરા, (૮) બંધ અને (૯) મોક્ષ

જેનામાં ચૈતન્ય. ચેતના જ્ઞાન હોય તેને આત્મા કહેવાય છે.- જેનામાં ચેતન, જ્ઞાન ન હોય તેને અજીવ કહેવાય હિંસાદિપાપોની પ્રવૃત્તિઓથી જે અશુભકર્મ બંધાય તેને પાપ કહેવાય અહિંસાદિ ધર્મોની શુભ પ્રવૃત્તિઓથી જે શુભ કર્મ બંધાય તે શુભ કર્મને પુણ્ય કહેવાય. કર્મ બાંધવાના કારણોને આશ્રવ કહેવાય, જે કારણોથી કર્મબંધન અટકે તે કારણોને સંવર કહેવાય જેનાથી આત્મા પરથી પૂર્વે બાંધેલા કર્મો છૂટાં પડે. તેને નિર્જરા કહેવાય. કર્મના પરમાણુઓ અને આત્માના પ્રદેશોને પરસ્પર દૂધ-પાણી જેવો સંબંધ થવો તે બંધ કહેવાય પ્રત્યેક કર્મોથી તદ્દન મુકત થવું તેનું નામ મોક્ષ, આ નવ તત્ત્વોને વિતરાગ ભગવંતે જેમ કહ્યા છે; તેમ શ્રદ્ધિને તેને અનુસરવાથી પૂર્ણતાએ પહોંચાય છે

આનવતત્ત્વોમાં જીવ અને અજીવ જાણવા યોગ્ય છે અને તેને જાણીને પ્રજ્ઞા છીણી વડે ભેદ જ્ઞાન કરી, અભેદ એવા આત્માની અનુભૂતિ કરવી અત્યંત આવશ્યક છે. પાપ, આશ્રવ અને બંધ આ ત્રણ તત્ત્વોને બરાબર સમજી તેને ત્યાગવા યોગ્ય છે અને સંવર-નિર્જરા અને મોક્ષ આ નવ તત્ત્વોનો આવિષ્કાર કરવો અત્યંત જરૂરી છે

જૈન દર્શનમાં સમકિતની મુખ્યતા છે; જેને શાસ્ત્રોમાં ચોથું ગુણ સ્થાનક કહેવામાં આવ્યું છે નિશ્ચયથી સમક્તિ તેને કહેવામાં આવ્યું છે કે "આત્માની અંશે અનુભૂતિ થવી" ત્યાર બાદ પાંચમે ગુણસ્થાનકે; શ્રાવક પણાનો આવિષ્કાર થાય છે અને છઠ્ઠે ગુણ સ્થાનકે ચારિત્રનું પ્રગટી કરણ થાય છે. આ પ્રમાણે જૈન દર્શનમાં ચૌદ ગુણસ્થાનકો, અધ્યાત્મ માર્ગમાં પ્રગતિ કરવા માટે જણાવવામાં આવ્યા છેલ્લે ગુણસ્થાનકે પહોંચતાં મોક્ષનો આવિર્ભાવ થાય છે.

o—※—o

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખક : પ્રો. હરીશભાઇ રતીલાલ વોરા (બેંકર)
(બી.એસ.સી.એમ.એડ.)

અન્ય વિઘ્નો :- ધર્મ ભેદ, રંગભેદ, જ્ઞાતિભેદ વગેરે પણ મૈત્રીમાં વિઘ્નરૂપ થાય છે. તેવા ભેદમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે અને અહંકાર મૈત્રી થવા દેતો નથી. હું દિગમ્બર છુ. તે શ્વેતામ્બર છે, આ ખ્રિસ્ત છે હું વૈષ્ણવ છું, તે મુસલમાન છે તેવા ભેદ મૈત્રી થવા દેતાનથી જો દરેકને પૂછીએ કે તમારો ધ્યેય શું છે? તો તેના જવાબ સરખા જ મળશે. મૈત્રીમાં ધર્મ વચ્ચે ન લાવવો જોઈએ ગાંધીજી કહેતા. "આપણે સ્વરાજ્ય માટે જે લડત કરીએ છીએ તેમાં અંગ્રેજો સાથે વૈરભાવ નથી. મૈત્રીજ છે" આતો માત્ર મનુષ્યની વાત થઈ. મહાવીરે અને બુધ્ધે તો પ્રાણી માત્રની મૈત્રી પળે પળે તેમના જીવનમાં બતાવી છે. જેવી રીતે હવામાં પ્રાણવાયુ, નત્રવાયુ, અંગાર વાયુ પોતાના ગુણ ધર્મો સાચવીને પણ ઐકય ભાવે રહે છે તેમ જુદા જુદા ધર્મના, રંગના, જ્ઞાતિના આપણે સૌ પોતાની વસ્તુ સાચવીને પણ મૈત્રી ભાવે જરૂર રહી શકાય. વૈદ્રશ્યના ઉદાહરણમાં કુમુદ, ચંદ્ર અને ચકોરની મૈત્રીનું ઉદાહરણ આપણને બોધ આપી જાય તેવુંજ છે.

* ભાતૃભાવ –

આ જગત ઈશ્વિરે જ રહ્યું છે અને જો તેમજ હોય તો તેમાં રહેલા સર્વ પ્રાણીઓ એક બીજાના ભાઈ થાય કવિ દલપતરામ 'એક પિતાના પરિવાર' માં કહે છે કે.

"કાળા ગોરા કોઈ છે, ઘણા હીણા ધનવાન,
કહો ન અધિકો કોઇને, સઘળા એક સમાન"

જગત પિતાની આ વિશ્વ વાડી માનવરૂપી પુષ્પથી ખીલી રહી છે. તેમાં ઉચ્ચ કોણ, નીચ કોણ? આ શીખ છે આ અંગ્રેજ છે તેવું કયાં સુધી? આપણે આજે આંતરરાષ્ટીય કેળવણી, વ્યાપાર, સંબંધની વાતો કરીએ છીએ ત્યારે ઉપરના મુદ્દા ખુબ ગૌણ અને મૂર્ખાઇ ભરેલા લાગે છે આંતરરાષ્ટીય સમજ મા મૈત્રી એક અમોઘ સાધલ છે.

જૈન આગમની વાણી તો ગમ પડે નહીં તેવી છે ખુબ ઉંડુતત્વ જ્ઞાન તેમાં છે. "न सा जाई न सा जोणी । नतं ठाणं नतं कुलं । न जाया न मुवानसं । सव्वे जीवा अणतसो ॥ દરેક જીવ મા, બાપ, ભાઇ-ભગિની, પુત્ર-પુત્રી, સ્ત્રી-પુરૂષ ઈત્યાદિ અનંત જન્મો અનેક યોનિમાં અનંતવાર કર્યા છે. તે ઉપરથી હે આત્મન્ તું બોધ પામ દરેક સાથે ભાઈચારો રાખ, મૈત્રી રાખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ મહાવીરને લોકોએ ના પાડવા છતાં તે ચંડકૌશિક વિષ-સર્પ પાસે ગયા. ત્યાં કાર્યોત્સર્ગ કર્યો. ચંડકૌશિકે દંશ દીધો અને મૈત્રી ભાવથી કરૂણાથી ભ્રાતૃભાવથી સંસ્કારિત થયેલ લોહી જ્યારે ચાખ્યું ત્યારે તે સર્પ શાંત થઈ ગયો. શ્રી મહાવીરે તેને સાચી મૈત્રીનો એવો બોધ પાઠ દીધો અને તે પણ સર્વ જીવ પ્રત્યે મૈત્રી મય બની ગયો. આ છે મૈત્રીની અસર-ફળ!

* ક્ષમા—

રોગીઓને જેમ રસાયણના ચમત્કાર નીરોગી બનાવે છે તેમ ક્ષમા આત્મશુદ્ધિ કરે છે. ક્ષમા વગર આપણને ચાલતું જ નથી. શું માતા પોતાના બાળકના દરેક કાર્યની ક્ષમા નથી આપતી? પોતાના ઉપર થયેલા અત્યાચારોનો બદલો લેવા ગાંધીજી શક્તિમાન ન હતા? જેની આંગળીને ટેરવે ૪૦ કરોડની જનતા નાચતી તેને માટે તો તે રમત વાત હતી. ક્ષમા રાખ્યા સિવાય મૈત્રીનું બીજ ઉગી શકતું નથી. તે ગાંધીજી બરાબર જાણતા હતાં તેમના હૃદયના પડ માત્ર સ્નાયુના ના બનેલા ન હતા, તે ક્ષમાના બનેલા હતા. જૈનો પ્રતિક્રમણમાં "मित्तीमें सव्व भूएसु" અને પર્વાધિરાજ સંવત્સરિના દિવસે "मिच्छामि दुक्कडम्" લે છે તેનો આદર્શ એજ છે, આ જગતના સર્વ પ્રાણીઓ સાથે મારે મૈત્રી છે. સર્વ પ્રાણીઓને હું ક્ષમા આપું છું અને સર્વની ક્ષમા યાચુ છું. આ મહાન પર્વ માત્ર મૈત્રીનોજ સંદેશ લઇને આવે છે. सर्वे जनाः सुखिनो भवन्तु सर्वे संतु निरामया ની જે સર્વોદયની ભાવના છે. તેના મૂળમાં ક્ષમાથી ઉત્પન્ન થયેલી મૈત્રી જ છે. ક્ષમારૂપી જળ સિંચનથી મોટું થતું મૈત્રી-વૃક્ષ ખુબજ શીતળ છાંયવાળું હોય છે. પેલા કાળા બજાર કરે છે તે દાણચોરી કરે છે, આ સંગ્રહ-ખોરી કરે છે, તે દેશની જમીન આ દેશે જીતી લીધી. પેલાએ બોમ્બ મારો કર્યો... ત્યાં હુંડિયામણ બંધ કરી દીધું, ત્યાં સ્ટીમ્બરો અટકાવી, ત્યાં કતલ થાય છે, ત્યાં વિમાન લૂંટાયું, ત્યાં ખુન થયું ઇત્યાદિ તાપ તે વૃક્ષ નીચે કયાંય અદ્દશ્ય થઇ જાય છે.

* દષ્ટાંત—

ક્ષમાના અજોડ ઉદાહરણો શાસ્ત્રોમાં છે. શ્રી સ્કંધક સન્યાસી જ્યારે સૂર્યની આતાપના લઇ રહ્યાં હતાં. ત્યારે તેના દ્વેષીએ કહ્યું, "એવી આતાપના સૌ ઉભા રહી ઢોંગ કરે, લાવ તારી ચામડી ઉતારી લઉં-સહન કરે તો હું જાણું કે તું સાચો છે" એમ કહી તિક્ષ્ણ ધાર વાળા શસ્ત્રથી તેની ચામડી ઉતારવા લાગ્યો. ત્યારે શક્તિ અને વિદ્યાના ઉપાસક એક દ્રષ્ટિ વડે જ તેનો બદલો લઈ શકે તેવા ખંધક મુનિ ન તો કાંઈ બોલ્યા કે ન વિહ્વળ થયા તે ક્ષમાની મૂર્તિ અડોલ સ્વરૂપ જ રહી. આપણને જરા કોઇ ગાળ આપે કે આપણાં વચનની અવગણના કરે તો કેવા ભભૂકી ઉઠીએ છીએ? તેવા વખતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખત બનતાં પ્રસંગોમાં આપણે ક્ષમાની મદદ વડે હંમેશા મૈત્રીનું વિસ્તૃતીકરણ કરવું જોઇએ અને તેમાંથી "વિશ્વ મૈત્રી" ખીલવવી જોઇએ શ્રી વિનોબાજી તેમની સભાને અંતે એટલા જ માટે "બોલ ભગત-જય જગત" સૂત્રનો ગુંજારવ કરે છે.

* કરૂણા—

જૈન દર્શનમાં કરૂણાને સમદ્રષ્ટિનું લક્ષણ કહ્યું છે. બૌદ્ધ અને વેદાંતમાં કરૂણાને ધર્મરૂપી વૃક્ષનું મુળ કહ્યું, ઈશુએ કરૂણા એજ સેવા ધર્મ કહ્યો. દરેક દર્શનનો મત ભેદ કરુણા પાસે આવી સમાય છે. શ્રીમદ્ રાજચંદ્ર ધર્મ-તત્વ સમજાવતાં લખ્યું છે કે:

"સત્ય શીયળ અને સઘળા દાન, દયા હોઇને રહ્યાં પ્રમાણ;
દયા નહીં તો તે નહિ એક. વિના સૂર્ય કિરણ નહીં દેખ.

કરૂણા, દયા—અનુકમ્પાએ સમાન અર્થી છે. અનુશાસન પર્વમાં કહ્યું છે કે—

"न प्राणात्प्रियतरं लोके किं च न विद्यते
तस्माद्दयां नरः कुर्याद्यथात्मनि तथा परे

અર્થાત્ જગતમાં પ્રાણી માત્રને પ્રાણ કરતાં વધુ પ્રિય બીજુ કશું નથી માટે દરેક પ્રાણી પ્રત્યે આત્મવત કરૂણા ભાવ રાખવા. "મા હણો. મા હણો;" "જીવો અને જીવવાદો," "आत्मनः प्रतिकुलानि परेषां न समाचरेत।" વગેરે મહાવાકયોથી આપણે કરૂણાનું સર્વોચ્ચ સ્થાન અનુભવી શકીએ છીએ.

* કરૂણાનું સ્વરૂપ—

આ જગતમાં અનેક પ્રાણીઓ દુ:ખી છે. કોઇને પૈસાનું કોઇને સ્ત્રીનું કોઇને સંતાનનું. કોઇને વિષય-ભોગનું, કોઈને રોગનું, કોઈને સત્તાનું, કોઇને કીર્તિનું, કોઇને જમીન જાગીરનું, કોઇને ઇર્ષા (મત્સર)નું ઇત્યાદિ અનેક દુઃખ છે તેમાં શ્રી કૃષ્ણ વાસુદેવ કહે છે કે. "હે ભારત! પ્રાણી માત્રને મરણ મોટું દુઃખ છે-અનિષ્ટ અપ્રિય છે- તો આ સર્વ પ્રાણીઓ ઉપર દયાભાવ કરૂણા ભાવ રાખવો તે છે કરૂણા ભાવના" પૂ. ગાંધીજી તો કહેતાં કે, તમારી કરૂણા માત્ર કીડી-મકોડાં નહીં મારવામાંજ સમાવી નહીં દેતાં" તાત્પર્ય કે તેવો ઢોંગ કરી તમે જો બીજાને ઓછું તોળી આપતા હો, કે જરૂર કરતાં વધુ નફો મેળવતા હો, કે આ કામ માટે ફલાણાને મળો, અને ફલાણો કહે પેલાને મળો, કે સત્તા આવતા નિર્દયતાથી નાણું એકઠું કરી લે. વગેરે કરતાં હો તો તમે ક્રુર છો, નિષ્ઠુર છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેકસપિયર કહે કે દયા દ્વિગુણી છે. જેની પ્રત્યે દયા દર્શાવી એ વ્યકિત કાંઈક મેળવીને સુખ અને આનંદ મેળવે છે અને દયા કરનાર સંતોષ અનુભવે છે. બુદ્ધે પ્રસારેલો ધર્મ કેવળ કરૂણા ઉપરજ અવલમ્બિત છે. બુદ્ધે સર્વ પ્રાણીઓને સુખ માટે તરફડતા જોયાં. અને દરેક ઉપર કરૂણા બુદ્ધિ લાવી સંસારનો ત્યાગ કર્યો. શ્રમણ ભગવંત મહાવીરે સર્વ જીવો પર કરૂણા બતાવવા "સવ્વ જીવ કરૂં શાસન રસી" એમ કહ્યું જેથી કોઇને દુ:ખ જ ન રહે!

* કરૂણાનું ફળ—

વિષ્ણુ–કરૂણાભાવે અવતાર ધારણ કરે છે. કરૂણા એ સદાચારમાં દેવી સમાન છે. તેના આગમન પછી દાન–અસ્તેય-મૈત્રી-શીયળ-સંતોષ-સત્ય-શિવમ્ વગેરે બધું જ ઉત્તરોત્તર આવી જાય છે. કરૂણાવાન હંમેશા પર્વતના શિખરનું સ્થાન ભોગવે છે. તેના જીવનમાં અપૂર્વ શાંતિ અને સુખ છવાયેલું હોય છે. અંતે તે મોક્ષના અદ્વિતીય સુખ અપાવનારી અમૃતવેલ છે. યોગ્ય જ કહ્યું છે કે: "દયા તે સુખની વેલડી, દયાતે સુખની ખાણ; અનંત જીવ મુકતે ગયા દયા તણા ફળ જાણ"

શું આજે પણ આપણે દાનેશ્વરી કર્ણ અને શિબીરાજાને નથી યાદ કરતાં? જેઓ બીજાની સ્હેજ જરૂરિયાત કે દરિદ્રતા જોઈ કરૂણાથી તરબોળ થઈ જતાં હતાં આપણે પણ આજે જો વિશ્વશાંતિ અને પંચશીલના સિદ્ધાંતની વાતને મૂર્તિમંત બનાવવી હોય તો કરૂણાબુદ્ધિ વિના કેટલી સફળતા મળવાથી? અહો! તેવી કરૂણા-બુદ્ધિ સર્વમાં વ્યાપે તો જોઇલિયો, તેનું કેવું સુંદર-શાંત અને મધુર ફળ આવે છે.

દૃષ્ટાંત :- શ્રી મહાવીર સ્વામી અનાર્ય દેશમાં એક ચૈત્ય પાસે ધ્યાનસ્થ હતાં. ત્યારે તેમને ધ્યાનથી ચલિત કરવા સંગમદેવે તેમને અનેક ઉપસર્ગો કર્યા પ્રથમ ધૂળનો વરસાદ વરસાવ્યો, કીડી અને ધીમેલ રૂપે તેમના શરીરને ચટકા ભર્યા, વીંછી-સર્પના દંશ દીધા, વાઘ-સિંહ હાથીના સ્વરૂપે ભયંકર ઉપસર્ગ દીધા. તિક્ષ્ણ ચાંચવાળા પક્ષી રૂપે વીરપ્રભુના માંસના લોચા કાઢયા, તેમના બે પગ વચ્ચે અગ્નિ કરી અનાજ પકવ્યું. આવા અનેક ઉપસર્ગો એક, બે દિવસ માટે નહીં પણ છ માસ સુધી કર્યા! તો પણ વીર પ્રભુનું કરૂણાનું ઝરણું સંગમ દેવ પ્રત્યે વહેતું રહ્યું. જ્યારે સગમ દેવ કંટાળીને પાછો જવા લાગ્યો ત્યારે મહાવીરની આંખ ભીની થઇ ગઈ સંગમ મનમાં ફુલાણો પણ ઉપયોગ મૂકીને જોયું તો પ્રભુ વિચારી રહયાં હતાં," અહો! જો કોઈ પ્રાણી–આત્મા મારા પાસે આવે છે તે કાંઈક સન્માર્ગે દોરાય છે. તેનામાં સદ્ગુણ રોપાય છે અને સંગમ દેવ અહીં છ માસ સુધી રહ્યા છતાં પાપથી ભારે બનીને જાય છે." તેવા ભાવ કરૂણા હૃદયમાં વહેતાં હતાં!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી મેઘકુમાર પણ તેમના આગળના ત્રીજા ભવમાં હાથીના ભાવમાં આવી જ કરૂણા ભાવેલ. તે હાથીના સરદાર હતા. એક વખત જંગલમાં આગની આગાહી તેણે અનુભવ-જ્ઞાનથી જાણી તેથી એક મોટું મેદાન તેણે અને તેના સાથીદારોએ વનસ્પતિ રહીત સાફ કર્યું. જ્યારે આગ મોટા પ્રમાણમાં થઇ ત્યારે જંગલના સર્વે પ્રાણી તે મેદાનમાં આવી પોતાનું રક્ષણ મેળવવા લાગ્યા ત્યારે તે મુખ્ય હાથી પોતાના ટોળા સાથે ત્યાં હતો મેદાન પ્રાણીઓથી ભરપુર થઇ ગયું હતું. મુખ્ય હાથીએ પોતાના શરીરને ખણુ આવવાથી એક પગ ઉંચો કર્યો, અને બરાબર તેજ સમયે આગથી ભયભીત થયેલું સસલું કુદતું કુદતું શ્વાસભેર, ઉંચા કરેલ પગની ખાલી જગ્યામાં બેસી, નિરાંતે શ્વાસ લેવા લાગ્યું. હાથી જ્યાં પાછો પગ મૂકવા ગયો ત્યાં સસલાની પરિસ્થિતિનું જ્ઞાન થયું, તેણે પોતાનો પગ ઉંચોજ રહેવા દીધો. તેણે ધાર્યું હોત તો સસલાને પ્રાણહીન પણ કરી શકતે કારણ કે મેદાનનો ધણી પોતે મેદાન સાફ કર્યું હતું. આજે આપણી ખુરશી ઉપર બેસવા કોઈ આવે તો આપણે શું શું નથી કરતાં? તે તો સૌ જાણે છે, વળી નજીવા હુંડિયા મણ માટે આપણે પ્રાણીવધ ગૌવધ કરતાં પણ અચકાતા નથી ત્રણ દિવસ પછી દાવાનળ શાંત થયો મેદાનના પ્રાણીઓ વિખરાયા. હાથી જ્યારે પગ મુકવા જાય છે ત્યારે તેના સ્નાયુઓ અકડાઈ જવાથી પડી જાય છે અને એજ કરૂણા ભાવમાં મૃત્યુને વરે છે—તેજ મેઘકુમાર બન્યા જોયા કરૂણાના ફળ! તેનું ફળ કેવું અદ્વિતીય હોય છે!

* વિઘ્નોનું સ્વરૂપ—

જે વિઘ્નો મૈત્રીનો નાશ કરનાર છે તે કરૂણાના પણ ઘાતક છે. જેમકે વૈરભાવ, ઈર્ષા, રંગભેદ, જ્ઞાતિભેદ. આપણે ગાડીમાં મુસાફરી કરતાં, "કેવા છો?" "ક્યાં જવું છે?" તેવા પ્રશ્નોનું અનુભવ કરીએ છીએ જો કહીએ "બ્રાહ્મણ" તો સામી વ્યક્તિમાં કાંઈ ફેરફાર પડતો નથી પરંતુ કહીએ કે "હરિજન-ભંગી" તો તેમના મોંની રેખાઓ વિચિત્ર સ્વરૂપ ધારણ કરે છે. તેમાં રૌદ્રતા, અરૂચિ-અકારૂણ્યના ભાવ સ્પષ્ટ સમજાય છે. જો આપણી બાજુમાં કોઈ ગોરી-સુંદર સ્ત્રી હોય તો, તેના બાળકને આપણે ખોળામાં મૂતરવા પણ દઈએ! અને કોઈ કાળી, સીદી, કે વૃદ્ધ સ્ત્રી હોય તો કોઇ એક પ્રકારનો કચકચાટ આપણે અકારૂણ્ય રીતે શરૂ કરી દઇએ છીએ. અકારૂણ્યતામાં ગુપ્ત રીતે ક્રોધ અને દ્વેષ હોય છે. આ તો સામાન્ય ઉદાહરણ છે. ભલે કદાચ તેવા ન પણ બને. પરંતુ જો આપણે સૌ આત્મ-નિરીક્ષણ કરીએ તો નાના નાના અનેક પ્રસંગો આપણા જીવનમાં બને છે જેમાં કરૂણાહીન બની ને આપણે સંકુચિત્ત સ્વાર્થીપણામાં રાચતા હોઇએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલીક નાની નજીવી ટેવો પણ કરૂણાની ઘાતક છે. જેમકે કેટલાકને માંકડ-મચ્છરને ચપટીમાં લઈને મારી નાખવાની ટેવ હોય છે માખીઓ મારવાના સાધન લાવે છે. લાવે છે. કોઈ પશુઓ પાસે વધુ બોજો વહન કરાવે છે; પશુઓને નિષ્ઠુરતા પૂર્વક મારે છે. પશુઓની કતલ કરે છે. ઘરની વ્યક્તિઓ સાથે ક્રોધયુક્ત વલણ રાખે છે. કાંઈ ઢોળાય- ફોડાય તો ઉગ્રસ્વરૂપ ધારણ કરે છે. અછત માલનો વધુ પડતો નફો લે છે કે તેવા માલનો સંગ્રહ કરી જનતાનું અહિત કરે છે.

કેટલાંક વહુ છોકરાઓને ઘરમાં પુરી દે છે હાલતો એટલી હદ સુધી દ્વેષ ચાલ્યો છે. કે જીવતાં આગ ચાંપી દે છે અને કપટ કરી અકસ્માત ગણી બતાવે છે આ વસ્તુ સમાજ માટે ધીમે ધીમે સમસ્યા બનતી જાય છે. માનવ-માનવ વચ્ચે કરૂણા ભાવ ન રાખે. આવી હિંસક રીતે ક્રૂર રીતે વર્તશે તો બીજા પ્રાણીઓ પ્રત્યે કરૂણા ભાવની વાત કેવી રીતે રજુ કરવી ? તે પણ એક સમસ્યા બની જાય છે. જો કરૂણા ભાવ કેળવીશું તો વ્યક્તિ અને સમષ્ટિનું કલ્યાણ કરી શકીશું. તો જ વિજ્ઞાનનો વિનાશાત્મક ઉપયોગ બંધ કરી તેને લોક કલ્યાણ માટે વાપરી શકીશું એક દેશ બીજા દેશને આર્થિક, સામાજિક, વ્યાપારિક, કે લશ્કરી દ્રષ્ટિએ પરેશાન કરવાની વૃત્તિ રાખે છે. એક બીજા સાથે નાની, નિર્માલ્ય બાબતમાં હુમલા કરે છે. યુદ્ધ કરે છે અને અશાંતિ ફેલાવી કરોડો લોકોના માનસને ચિંતામાં મુકી દે છે ત્યાં કરૂણાનો ખૂબજ અભાવ આપણે સમજી શકીએ છીએ.

અમે મેટ્રીક ભણતા ત્યારે એક બોધકથા આવતી. જેમાં એલબસરા અને અલ-ગોસલના બેઘુવડ નીચે પ્રમાણે વાત કરે છે :-

"તુ મારી દીકરી સાથે તારો દીકરો પરણાવ"

"જો તારી દીકરીના દહેજમાં સો ઉજ્જડ ગામ આપે તો હું તે કબુલ કરૂં."

"તારી શરત હું, અમારા ગામનો બાદશાહ બે વર્ષ વધુ જીવે તો પુરી કરૂં"

આ નાનકડી બોધ કથા નિષ્ઠુર-નિર્દયીને કેટલો બોધ પાઠ આપે છે!

આપણે લોકશાહીના મૂલ્યો ટકાવી રાખવા હોય, વિશ્વ બંધુત્વની ભાવના કેળવવી હોય, લાંચ રૂશ્વતની બદી કાઢવી હોય, સંગ્રહખોરી હટાવવી હોય, શારીરિક, સાંવેગિક અને સામાજિક સુખ-શાંતિ મેળવવા હોય તો કરૂણા અને મૈત્રી અપનાવ્યા સિવાય બીજો કોઈ ઉત્તમ કે સરળ ઉપાય નથી ગાંધીજી એ અહિંસા અને સત્યના પ્રયોગોથી યુગ પરિવર્તન કરી બતાવ્યું તે આપણી નજર સમક્ષ જ પુરાવો છે. તે અહિંસા એજ કરૂણા. કરૂણા વિના મૈત્રી શકય નથી. કરૂણા અને મૈત્રી તથ્યવાળી સંપૂર્ણ હકીકત છે, તે સત્ય છે અને સત્યમાં જ પરમેશ્વર છે.

For Private And Personal Use Only

## * અંતિમ બોલ

અંતમાં જ્ઞાનીઓ કહે છે કે આ સંસારમાં જીવોની દશા જુઓ, કોઈ ખાનપાન મેળવવાની ચિંતામાં વ્યાકુળ છે, કોઈ કપડાં, કોઈ રહેઠાણ, કોઈ ઘરેણાં-સોનું મેળવવાની ચિંતામાં છે, કોઇને પરણવાની કોઈને પુત્રની, કોઇને ઇચ્છિત ભોગની અભિલાષા છે; કોઇ ઈર્ષામાં ક્રોધમાં, વિષય કષાયમાં અહમ્‌માં. માયામાં વ્યાકુળ બની ગયા છે, કોઇ તૃષ્ણાથી, અજ્ઞાનતાથી, પ્રમાદથી ગરીબાઈથી દુઃખ ભોગવી રહ્યાં છે, કોઈ રોગથી પીડાઈ રહ્યાં છે, અહો ! સર્વ પ્રાણી જન્મ, જરા, રોગ અને મૃત્યુથી દુઃખ ભોગવી રહયાં છે તે સર્વ પ્રાણી પ્રત્યે કરૂણા-દયા અનુકમ્પા ધરો.

ભક્ત પરિજ્ઞાપ્રકીર્ણકમાં યોગ્યજ કહ્યું છે કે જેમ તપને દુઃખ અપ્રિય લાગે છે તેમ સંસારના સર્વ જીવોને દુઃખ અપ્રિય લાગે છે. સર્વ પ્રાણીઓના આત્મા એક સરખા છે માટે સર્વ તરફ કરૂણા ભાવ અને મૈત્રી ભાવ સમાચરો.

ॐ सहनाववतु । सहनौभुक्नु । सहवीर्यं करवा वहै ।
तेजस्विनावधीतमस्तु । माविदिषा वहै । ॐ शातिः शांतिः शांतिः ।
सुज्ञेषु किं बहुना ।

હરીશભાઈ રતીલાલ બેંકર
અધ્યાપન મંદિર
બાબાપુર જિ. અમરેલી
(૩૬૪૬૧૦)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્યાદવાદ સાચો માર્ગ

લેખક : રતિલાલ માણેકચંદ શાહ

મિથ્યાત્વથી ભવા અટવીમાં ભટકવાનું ચાલુ જ રહે છે. પાપનો મિથ્યાત્વને શાસ્ત્રોમાં બાપ કહ્યો છે, તે એટલા માટે કે તે જ્યાં સુધી હોય છે, ત્યાં સુધી દુઃખપ્રદ એવા સંસારનો અંત આવતો નથી. તેનાથી ચારગતિ અને ચાર્યાશીલાખ યોનિમાં જીવ આવન જાવન કર્યા જ કરે છે અને અનંતા દુઃખો ભોગવ્યા જ કરે છે.

મિથ્યામતિને દુર્બુદ્ધિ પણ કહેવામાં આવે છે; કારણ કે તે રાત્રી-દિવસ શરીર અને પરિગ્રહની ચિંતામાં જ રહે છે. અને આત્મશુદ્ધિ પ્રત્યે તેની દષ્ટિ કે જતી નથી. તેમજ તેઓ અધ્યાત્મ જ્ઞાનથી દૂર જ રહે છે. અસત્ય કદાગ્રહમાં રાચીને મમત્વપૂર્વક ખોટા રાહે પર ચાલવાથી દુર્ગતિ થાય છે એવા દેહના મમત્વી દુર્બુદ્ધિઓને ત્રણેકાળે મુક્તિ પ્રાપ્ત થતી નથી.

દુર્બુદ્ધિ અજ્ઞાની જીવ કાયા પ્રિતિસાથે રાખે છે. માયામાં હારજીત માને છે, હઠને છોડતો નથી. અને મોહ કર્મના જોરથી તે અહોનિશ ભ્રાંતિમાં રહે છે; તે ભ્રાંતિનો છેડો આવતો નથી, જેમકે ચોર લોકો ચંદન ઘોને મહેલ પર ફેંકે છે અને ઘો ભીતને ચીટકી રહે છે; તેમ એ અજ્ઞાની દેહના મમત્વને વળગી રહે છે. અને હમેશા કર્મ બંધ વધાર્યા કરે છે. આમ દુર્બુદ્ધિથી ભૂલી ખોટામાં મગ્ન બની રહ્યો છે જેથી મમતા રૂપી બેડીથી જકડાય છે.

એવા અજ્ઞાનીને કોઇ અધ્યાત્મની વાત કહે છે, ત્યારે તે ચોંકી-ઊઠે છે અને ખોટો બકવાટ કરે છે, તેમજ કદાગ્રહ રાખી મૂકે છે તે સત્ પુરૂષોની નિંદા કરે છે, અધર્મીને વખાણે છે, શાતાવેદનીને તે મોટાઇ સમજે છે અને અશાતા વેદનીથી અકળાઇ જાય છે; મોક્ષની વાત સાંભળવી ગમતી નથી અને અવગુણ દેખાય તેનો અંગીકાર કરે છે. તે મોતથી એવોડરે છે કે જાણે જેમ વનરાજથી બકરોડરે એવો દુર્બુદ્ધિ જીવ સંસારમાં આવન ભવન કર્યા જ કરે છે અને મિથ્યાત્વને કારણે મમતા રૂપ બેડીઓમાં બંધાય છે.

કોઈ બૌદ્ધ મતવાળો જીવને ક્ષણ ભંગુર કહે છે, કોઇ મીમાંસક જીવને કર્મનો કર્તા કહે છે. કોઇ સાંખ્યમતી જીવને સદાકર્મ રહિત કહે છે એ રીતે અનંત નયના પ્રકારથી જીવનું સ્વરૂપ જુદા જુદા પ્રકારે કહેવામાં આવે છે. તેમાં જે એકાંત પક્ષ ગ્રહણ કરે છે, તે મુર્ખ છે જ્ઞાનીજન તો અનેકાંત પક્ષ ગ્રહણ કરે છે. મોતી સ્વસત્તામાં જુદાં છે, પણ તેને સૂતરની દોરીમાં પરોવવાથી તે સર્વનુંહાર એવું નામ પડે છે. જેમ સૂતરમાં પરોવાયા વિના મોતીની માળા બને નહિ, તેમ સ્યાદવાદ મત ધારણ કર્યા વિવાય મોક્ષ માર્ગને સાધી શકાય નહિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ વસ્તુના સ્વભાવને માને છે, કોઇ પૂર્વકર્મના ઉદયને માને છે, કોઈ ભવિભાવને માને છે, કોઇ પુરૂષાર્થને માને છે, અને કોઇ કાળને માને છે; એમાં પક્ષપાત કરી જે એક જ વસ્તુને માને છે, તે મિથ્યાત્વી કહેવાય છે. અપેક્ષિત સર્વનો સ્વીકાર કરવો એ સત્યાર્થ છે

જીવ વસ્તુ એક છે, પણ તેના ગુણ અનેક છે; રૂપ અનેક છે અને નામ અનેક છે તે પર સંયોગ વિના એટલે કે પોતાના સ્વભાવમાં તે શુદ્ધ છે; પરંતુ પરના સંયોગથી તે અશુદ્ધ છે વેદાંતી તેને બ્રહ્મ કહે છે; મીમાંસક જૈમિનીય એને કર્મ કહે છે, શિવમતવાળા એને શિવ કહે છે, બૌદ્ધમતવાળા એને બુદ્ધ કહે છે, જૈની એને જિન કહે છે અને નૈયાયિક એને કર્તા કહે છે આમ છયે દર્શનમાં શુદ્ધ જીવને કહેવામાં એક એકથી વચનનો વિરોધ છે, પણ એ છ એ દર્શનમાં જે વસ્તુનું સ્વરૂપ ઓળખે છે, તેજ જ્ઞાની કહેવાય છે અને તેજ વાત સત્ય છે, પણ જે વચનના ભેદથી પદાર્થમાં પણ ભેદ માને છે તે મૂર્ખ છે.

વેદાંતી જીવને નિશ્ચય નયની દ્રષ્ટિએ જોઇ એને સર્વથા બ્રહ્મ કહે છે, મીમાંસક જીવને કર્મ ઉદયની દષ્ટિએ જોઇ અને કર્મ માને છે, બૌદ્ધ મતિ જીવને બુદ્ધ માને છે અને એના ક્ષણભંગુર સૂક્ષ્મ સ્વભાવને પ્રસિદ્ધ કરે છે, શિવ મતવાળા જીવને શિવરૂપ માને છે અને શિવને કાળ રૂપ કહે છે, નૈયાયિક (ન્યાય ગ્રંથવાળા) સોળ પ્રમાણથી પદાર્થને માને છે અને શુદ્ધ જીવને કર્તામાની ને તે ઉધમની ઉદિરણમાં ચિત્તને આનંદિત કરી મગ્ન રહે છે. આમ એ પાંચે દર્શન વસ્તુના સ્વાભાવાદિક પાંચ નયનાં એક એક અંગને પોષે છે એટલે એકાંત પક્ષ ગ્રહણ કરે છે; પણ જે જૈન માર્ગ કહેવાય છે; તે તો સર્વાંગી સર્વનય ગ્રહણ કરે છે.

જીવ પદાર્થના લક્ષણમાં ભેદ નથી. સર્વ જીવ સમાન છે; આથી વેદાંતીઓએ માનેલ અદ્વૈતવાદ સત્ય છે, જીવના ગુણના તરંગ ઉઠી રહ્યા છે, તેથી મીમાંસકે માનેલ ઉદય પણ સત્ય છે, જીવની ઉદયશક્તિ હોવાથી તે સ્વભાવમાં પ્રવર્તે છે, આથી નૈયાયિકોએ માનેલ ઉધમ સાચું અંગ છે, જીવના પર્યાય ક્ષણ ક્ષણમાં જુદા જુદા છે, અને તેના રૂપનું પ્રમાણ સૂક્ષ્મ છે, તેથી બૌદ્ધ મતે માનેલ ક્ષણિક ભાવ પણ સત્ય છે. પરિણામની જે ગતિ છે તે ફળતા કાળચક્રની શક્તિ છે; તેથી શૈવોએ માનેલ કાળ પણ સાચો છે એ રીતે આત્મ દ્રવ્યમાં અનેક અંગ દેખાય છે; પણ તેમાંથી જે એક જ અંગમાને છે અને બીજા અંગનમાને તેનું નામ કુમતિ છે; એકાંત પક્ષ છોડીને જે એક વસ્તુના દરેક અંગ જુએ છે તે સુબુદ્ધિવાન કહેવાય છે. શોધક જીવે છે એટલે કે જ્ઞાન પામે છે. પણ વાદી મરે છે એટલે એકાંત પક્ષ પકડીને જન્મ મરણના ફેરા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવ દ્રવ્યમાં અનેક પર્યાય છે; તેથી એકમાં અનેક છે, વળી અનેક પર્યાયમાં એકજ જીવ દ્રવ્ય છે તેથી અનેકમાં એક છે. આમ હર કોઈ વસ્તુ એક છે; અથવા અનેક છે તે કહી જ ન શકાય, તે એક પણ નથી અનેક પણ નથી અપેક્ષિત એક છે, અપેક્ષિત અનેક છે, તે વહેવારમાં કર્તા છે, નિશ્ચયમાં અકર્તા છે, વ્હેવારથી તે ભોકતા છે, નિશ્ચયથી અભોકતા છે, વહેવારથી તે ઊપજે છે; નિશ્ચયથી તે ઉપજ તો નથી. વહેવારથી તેનું મૃત્યુ છે, નિશ્ચયથી અમર છે, વહેવારથી તે બોલે, વિચારે છે, નિશ્ચયનયથી કાંઈ બોલતો-વિચારતો નથી, નિશ્ચયથી તે ભેખનું સ્થાકનથી, પણ વ્યવહારથી તે ભેખનો ધરનાર છે આવા ચેતનવંત ઈશ્વર પૌદ્ગલિક કર્મોની સંગતથી ઉલટ પાલટ થઈ રહ્યો છે. માનોકે-નટની જેમ ખેલે છે

તે નટ સરખી જીવની આજે ઊલટ-પાલટ બાજી છે, તે તો વિકલ્પ દશા છે. તે છોડવા લાયક છે અનુભવ યોગ્ય તો આત્માની નિર્વિકલ્પ અવસ્થા છે, આત્માને પોતાના સ્વરૂપમાં રાખવો તેજ સાચું છે

પુદ્ગલ દ્રવ્ય રૂપ કર્મનો કર્તા આત્મા છે એ વહેવાર કહેવાય છે. પણ નિશ્ચય-નયમાં તો એ વાત છે કે જેવું દ્રવ્ય હોય તેવું તેનું ભાવસ્વરૂપ હોય, એથી પુદ્ગલ દ્રવ્યની ક્રિયા પુદ્ગલ દ્રવ્ય વડે બને છે.

જ્ઞાનનું જ્ઞેયાકાર રૂપ પરિણમન થાય છે, પણ એ જ્ઞેય રૂપ નથી બનતું જ્ઞાનનો સ્વભાવ જે જ્ઞેયાકાર રૂપ પરિણામવાળો છે, એટલે કે જ્ઞેય પદાર્થના આકાર રૂપે છે. આત્માનું જ્ઞાન પરિણમે છે, આમ છતાં જે જ્ઞાન છે, તે જ્ઞાન રૂપ જ કહેવાય. પણ જ્ઞેય રૂપ ન કહેવાય અને જે જ્ઞેય પદાર્થ છે, તે જ્ઞાનમાં પરિણમ્યો છે, તો પણ જ્ઞેય રૂપ કહેવાય. પણ જ્ઞાન રૂપ ન કહેવાય, એવી અનાદિકાળની મર્યાદા છે; કોઈ વસ્તુ બીજી વસ્તુનો સ્વભાવ ગ્રહણ કરે નહિ; તેમ જુદો જુદો સ્વભાવ પણ ધારણ કરે નહિ. એવી મર્યાદા બંધ વાત છે. તેમ છતાં કોઈ વૈશેષિક પ્રમુખ મિથ્યા મતિ કહે છે કે જ્ઞેય પદાર્થના આકાર રૂપ જ્ઞાનનું મારેલ મન દેખાય છે, તેથી જ્ઞાન અશુદ્ધ થઇ જાય છે, જયારે એ અશુદ્ધ પણું ટળી જશે, ત્યારે મુકિત થશે, પણ એ દુષ્ટ બુદ્ધિથી મોહનો વિકલ્પ કરી અહીં તહીં ગાડો થઇ ડોલે છે અને ભ્રમમાં રહે છે; તે વસ્તુનો સ્વભાવ જાણતો નથી.

વિશ્વના પદાર્થ પરસ્પર અવ્યાપક છેઃ- જગત વિષે પ્રત્યેક ભાવ અસાહય પણે વર્તે છે; કોઇ કોઇનો સહાયકારી નથી; એક વસ્તુ બીજી વિલક્ષણ વસ્તુ સાથે મળે નહિ. જગતમાં જેટલી વસ્તુ છે, તેટલીને જીવ જાણે છે; પણ એ સર્વ એનાથી ભિન્ન છે, એટલે કે પ્રત્યેક જ્ઞેય વસ્તુથી જીવના જ્ઞાનમાં પરિણમે છે, તો પણ જીવ એ સર્વ વસ્તુથી જુદોજ રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No. Reg. B.V.-37

# કપુર સૌરભ

(હપ્તો ૪ થો ચાલુ) પ્રસારક – અમરચંદ માવજી શાહ

૫૭ રાગ-દ્વેષ અને ક્રોધાદિક કષાયો એ સર્વ મોહનો જ પરિવાર આત્માને ભૂલાવામાં નાખી. જીવને સાચા સ્વાભાવિક માર્ગથી ચુકવી, ખોટા વિપરીત રસ્તે ચઢાવી દે છે, તેથી જ શાણા માણસો આત્મ પુરૂષોમાં હિતવચનોને અનુસરી ચેતીને ચાલે છે.

૫૮ દીન-દુઃખી-અનાથ જીવો ઉપર અનુકંપાને ગુણીજનો પ્રત્યે પૂજ્ય ભાવ રાખવો. દુઃખી જનોનું દિલ શાંત કરવા સાથે તેમનાં દુઃખનો જલ્દી અંત આવે એવો ઉત્તમ માર્ગ તેમને પ્રેમ પૂર્વક બતાવવો સમજાવવો.

૫૯ ધર્મ કરણી સ્વસ્વ અધિકાર મુજબ નિર્દોષ પણે જ કરવી ઉચિત છે. ધર્મ કરણી કરી ફુલાઈ જનારામાં પરનિંદા કરનાર પોતાનાં સુરૂપનો લોપ કરી નાંખે છે, માટે પૂર્વ પુરૂષ સિંહોની પવિત્ર કરણી સામે દ્રષ્ટિ સ્થાપી રાખી સ્વલઘુતા ભાવવી આપ બડાઇ સમાવવાનો એજ ઉત્તમ ઉપાય છે.

૬૦ દંભ રાખી મુનિવેષ ધારી રાખવા કરતાં, નિર્દંભ પણે ગૃહસ્થતા સારી છે, કેમકે દંભ રહિત થોડી પણ ધર્મ કરણી લેખે લાગે છે. દંભી સાધુ ધર્મના બહાને લોકોને ઠગે છે, તેથી તે 'ધર્મ ઠગ' ગણાય છે. મહાવૃત ધાર્યા પહેલા તેનો અભ્યાસ પરિચય કરી જોવો સારો છે

૬૧ મમત્વથી લોભ ઉત્પન્ન થાય છે, લોભથી રાગ ઉત્પન્ન થાય છે, રાગથી દ્વેષ ભાવ ઉત્પન્ન થવાથી દુઃખની પરંપરા પ્રાપ્ત થાય છે; તેથી નિર્યયભાવજ ઉત્કૃષ્ટ તત્વ છે, નિર્યયત્વ જ ઉત્કૃષ્ટ સુખ છે. અને નિર્યયત્વને જ જ્ઞાની પુરૂષોએ મોક્ષનું ઉત્કૃષ્ટ બીજ કહેલું છે. જો આત્માને વિષે નિર્યયત્વની નિરંતર નિશ્ચય સ્થિતિ થઈ હોય તો તે સંસારને છેદી ઉત્કૃષ્ટ મોક્ષ સુખ આપે છે. પરિગ્રહ મમતાના સંબંધી જીવને રાગદ્વેષ ઉત્પન્ન થાય છે-અને રાગ દ્વેષથી જ જીવને ભારે નિકાચીત કર્મનો બંધ થવા પામે છે.

[ક્રમશ]

પ્રકાશક : જયંતીલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ખારગેઈટ, ભાવનગર ફોન ; ૪૬૪૦

For Private And Personal Use Only